# તોયણી ગામમાં મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી અંતર્ગત ખેડૂત શિબિર યોજાઇ

પંચમહાલ જિલ્લાનો મુખ્ય પાક એવા મકાઇમાં વધુ ઉત્પાદન માટે વિસ્તરણ શિક્ષણ કાર્યક્રમ મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર આણંદ કૃષિ યુનિવર્સિટી ગોધરા દ્વારા તાજેતરમાં દેવગઢબરિયા તાલુકાના તોયણી ગામે ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી યોજના હેઠળ તાલીમ શિબિર તા.૦૮/૦૨/૨૦૧૭ ના રોજ યોજાઇ હતી. જેમા આદિવાસી વિસ્તારના ૨૦૦ જેટલા ભાઇ બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ખેડૂતોને મકાઇની આધુનિક તાંત્રિકતાઓથી વાકેફ કરવા એ ખૂબ જ અગત્યનું છે ડાં.એસ.એમ.ખાનોરકર, સંશોધન વૈજ્ઞાનિકશ્રી(મકાઇ)એ નવી હાઇબ્રીડ જાતો તથા ખાસ પ્રકારની (જેવી કે મીઠી મકાઇ, કવોલીટી પ્રોટીન મકાઇ, ધાણીની મકાઇ, બેબી કોર્ન મકાઇ) જાતોની માહિતી અને તેનું ખોરાકમાં મહત્વ જેવા વિષયો ઉપર ઉંડાણપૂર્વક ચર્ચા કરી હતી. ખાસ પ્રકારની મકાઇની ખેતીથી ઓછા સમયમાં વધુ આર્થિક લાભ કેવી રીતે મેળવી શકાય તે વિષયો ઉપર પણ ચર્ચા કરી કરી હતી. આવી ખેતીથી લીલા ઘાસચારાનો વધારાનો લાભ મળે છે તેવી સમજણ પણ આપી હતી.

વધુમાં પ્રો. કે.એચ.પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકે મકાઇની નફાકારક અને વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અંગેના ચાવીરૂપ મુદ્દાઓ માટેની તાંત્રિકતાઓ વિગતવાર સમજાવેલ હતી અને બે ફૂટના ગાળે મકાઇ વાવવા માટે ભાર મૂકયો હતો તથા પાકને નિંદામણ મુકત રાખવા જણાવેલ હતું.

ડાં. ભરતભાઇ ઠક્કરે પ્રથમ હરોળના નિદર્શન અંગેની માહિતી આપી હતી. દેવગઢ બારીયા તાલુકાના તોયણી ગામમાં શિબિર કાર્યક્રમનું સંચાલન મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર ગોધરાના પ્રો. કે.એચ.પટેલ અને ડાં. ભરતભાઇ ઠક્કરે કરેલ હતું.







